મહત્તમ : ૪૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૦ ટકા

ગાંધીનગર તાપમાન

# પાટનગરના સ્વચ્છ માર્ગો વચ્ચે ગંદા ડિવાઈડર્સની મેખ...!!



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં હજુ પણ જાહેર માર્ગો પર સફાઈની બાબતમાં ઘણી લાલિયાવાડી ચાલી રહી છે. એક તરફ વડાપ્રધાન ગુજરાતના આ પાટનગરને સ્માર્ટ સીટી બનાવવાની મથામણ કરી રહ્યા છે અને સાથે સાથે તેઓ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિના વર્ષને સ્વચ્છતા અભિયાન થકી ઉજવી રહ્યા છે ત્યારે હજુ પણ શહેરમાં જાહેર સ્વચ્છતા બાબતે બેદરકારી ઉઠીને આંખે વળગે તેવી છે. શહેરના રોડ નં. ૩ પર ચ-૩ સર્કલ નજીક તે ઉપરાંત અન્ય માર્ગો પર પણ વિવિધ સ્થળે રોડની વચ્ચેના ડિવાઈડર્સ પર પ્લાસ્ટિકની થેલીઓ, પાણીની બોટલો, પાન-મસાલાના પાઉચ, નમકીનના પાઉચ સહિતનો અઢળક કચરો જેમનો તેમ જોવા મળી રહ્યો છે.

## ટ્રાફિક સિગ્નલના લીધે પણ ડિવાઈડર્સ પર ગંદકી વધી

શહેરમાં લાગેલા ટ્રાફિક સિગ્નલ પણ ડિવાઈડર્સ પર ગંદકી વધારવામાં જવાબદાર બન્યા છે. જે સર્કલે ટ્રાફિક સિગ્નલ લગાડાયા છે ત્યાં રેડ લાઈટ થતા એસટી બસ સહિત વિવિધ વાહનો ઉભા રહી જાય છે. જેમાંથી મુસાફરો અથવા વાહનચાલકો પાણીની ખાલી બોટલ હોય કે નમકીન અથવા પાન-મસાલાના ખાલી પાઉચ વગેરે જેવી ચીજવસ્તુઓ ડિવાઈડરમાં ફેંકે છે. આ ઉપરાંત જ્યાં સુધી ગ્રીન સિગ્નલ ના થાય ત્યાં સુધીમાં પાન-મસાલાના વ્યસનીઓ દ્વારા વારંવાર ડિવાઈડર પર થુંકવાનું ચાલુ હોય છે જેથી ગંદકી વધતી જાય છે.

જાહેર સ્વચ્છતા બાબતે સફાઈ તંત્ર દ્વારા ઘણીવાર નાગરિકો દ્વારા જાહેરમાં કચરો નહી ફેંકવા જેવી જાગૃતિ બાબતે રહેલી ઉદાસીનતાને આગળ ધરી દેવામાં આવે છે. જો કે કેટલેક અંશે આ બાબત સાચી પણ છે પરંતુ તે સાથે સાથે સફાઈ કર્મચારીઓ દ્વારા સફાઈ કાર્યમાં ઘણી લાલિયાવાડી ચલાવવામાં આવે છે તે પણ નિર્વિવાદ હકીકત છે. ચ-૩ સર્કલ નજીક માર્ગ નં. ૩ પર રોડની બંને તરફ સફાઈ કાર્ય યોગ્ય રીતે કરવામાં આવી રહ્યું છે અને તે કચરાને એકઠો કરીને લઈ જવા માટેની ટ્રોલી પણ જોવા મળી રહી છે પરંતુ તે સાથે જ રોડની વચ્ચેના ડિવાઈડર પર રહેલો કચરો સફાઈ કર્મીઓ દ્વારા સાફ કરવામાં નથી આવ્યો જે જેમનો તેમ રહેવા દેવાયો છે. આ સ્થિતિ શહેરના અન્ય માર્ગો પર પણ જોવા મળી રહી છે. જેમાં રોડ તથા તેની આસપાસના વિસ્તારમાં સફાઈ કરવામાં આવી હોય પરંતુ ડિવાઈડર્સ પરનો કચરો જેમનો તેમ હોય. આ કારણે ઘણે ઠેકાણે ડિવાઈડર પરના ફુલ છોડને પણ નુકશાન થઈ રહ્યું છે.

# પેથાપુર ખાતે નિઃશુલ્ક સર્વરોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, કોલવડા વેલનેસ સેન્ટર, એન.એસ.એસ. યુનિટ તથા નગરપાલિકા પેથાપુર દ્વારા સંયુકત રીતે નિઃશુલ્ક સર્વ રોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૯થી વધુ દર્દીઓએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં નગરપાલિકાના પ્રમુખ રાજેન્દ્રસિંહ વાઘેલા, ભુપેન્દ્રભાઈ પટેલ, રતિભાઈ ઠક્કર, અનિલસિંહ વાઘેલા, રણજીતસિંહ વાઘેલા, દિલીપસિંહ વાઘેલા તથા સ્ટેટ મોડેલ આયુર્વેદ હોસ્પિટલ કોલવડાના ડૉ. મિહિર વાજા, ડૉ. રાજેશ ડોડીયા, ડૉ. મેહુલ પરમાર, ડૉ. આનંદ દવે, ડૉ. સુનિલ રાયોલુએ હાજર રહી સેવા આપી હતી.

# બીએસએફને વેપારીએ અમુલનુ ૧૭૦ લીટર નકલી ઘી પધરાવી દીધુ

**અમદાવાદથી ખરીદાયેલા ૧૭૦ લીટર ઘી અંગે શંકા જતા ચિલોડા કેમ્પના અધિકારીએ ઘી ટેસ્ટીંગ માટે મોકલતા ભાંડો ફુટ્યો : ચિલોડા પોલીસ મથકમાં ફરિયાદ**

ગાંધીનગર, તા.૨૮

અમદાવાદના કાલુપુરના વેપારી પાસેથી બીએસએફ દ્વારા લેવાયેલું અમૂલનું ૧૭૦ લીટર ઘી બનાવટી નીકળ્યું હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. ચિલોડા બીએસએફ કેમ્પ ખાતે ૧ લીટરના ૧૦૨ નંગ પાઉચના વેંચાણ બાદ ઉઠેલી ફરિયાદોને પગલે સમગ્ર મામલો સામે આવ્યો છે. અમૂલનું ઘી ન હોવા છતાં અમૂલના ખોટા માર્કા સાથે તેનું વેચાણ કરનારા વેપારી સામે ચિલોડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવા પામ્યો છે.

મળતી વિગતો મુજબ ચિલોડા બીએસએફ કેમ્પ યુનિટ સ્ટોર માટે ૨૬ એપ્રિલના રોજ કાલુપુરના શેરાવાલી ટ્રેડર્સ ખાતેથી રાશનનો સામાન લવાયો હતો. જેમાં બીએસએફ સ્ટોર માટે અમૂલના ૧ લીટરના ૭૦ પાઉચ અને યુનિટ માટે ૧૦૦ પાઉચ એટલે કે કુલ ૧૭૦ લીટર ઘી ખરીદાયું હતું. એક લીટરના ૩૭૫ લેખે ૧૭૦ લીટરની કુલ કિંમત ૬૩,૭૫૦ થાય છે. જો કે આ ઘી અમૂલનું ન હોવાનું સામે આવતા બીએસએફ કેમ્પ ચિલોડા ખાતે આસીટન્ટ કમાન્ડન્ટ મહેન્દ્રસિંગ મલીયાએ ચિલોડા પોલીસ સ્ટેશનમાં ટ્રેડમાર્ક એક્ટ, ગુનાહીત કાવતરુ રચી માનવ શરીરને નુકસાન થાય તેવા કૃત્ય અને છેતરપીંડી અને ઠગાઈનો ગુનો નોંધાવ્યો છે. લવાયેલા ઘી માંથી યુનિટ ખાતે ૪૯ પાઉચ જ્યારે સ્ટોર ખાતે ૧૯ પાઉચ બાકી રહ્યાં હતા ત્યારે ઘી અમૂલનું ન હોવાનું સામે આવ્યું હતું. ચિલોડા કેમ્પ ખાતે અધિકારી કક્ષાની મેસમાંથી ફરિયાદ ઉઠી હતી કે ઘી અમૂલ બ્રાન્ડનું હોવાનું લાગતું નથી. જેથી બીએસએફ દ્વારા તેના સેમ્પલ અમૂલ ડેરી ગાંધીનગર ખાતે મોકલાયા હતા. ડેરી દ્વારા ચકાસણી બાદ રિપોર્ટ અપાયો હતો કે, ઘી અમૂલનું નથી પરંતુ અમૂલ નામના ખોટા પેકીંગ બનાવી તેમાં ઘી ભરી વેચાણ કરાયુ છે.

# વધુ ચાર વોન્ટેડ આરોપીઓ પકડાયા









ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર એલસીબી અને એસઓજીની ટીમ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઈવના ભાગરૂપે બાતમીદારો સક્રિય કરવામાં આવ્યા છે ત્યારે આજે વધુ ચાર નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. ચારેયને અલગ અલગ સ્થળેથી પકડીને ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૨માં નોંધાયેલી છેતરપીંડીના ગુનામાં ફરાર આરોપી રાજસ્થાનથી ઝડપાયો છે. નારાયણલાલ ઉર્ફે નરેશ લાલજીભાઈ કુંભાર પોતાના ઘરે રાજસ્થાનના ધનાપુરા ખાતે હોવાની બાતમી એલસીબીના હેડ કોન્સ્ટેબલ જયવીરસિંહને મળી હતી. જેના આધારે એલસીબીની ટીમ આરોપીને રાજસ્થાનથી પકડી લાવીને તેની પુછપરછ હાથધરી હતી. જેમાં આરોપીએ કલોલ તાલુકાના ગુનામાં ૭ વર્ષથી ફરાર હોવાની કબૂલાત કરી છે. તે ઉપરાંત ગાંધીનગર એસઓજીએ દહેગામ પોલીસ સ્ટેશનના પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતાં બે આરોપીને દબોચી લીધા છે. પીઆઈ જે. જી. વાઘેલાના માર્ગદર્શનમાં કામ કરતી ટીમના કોન્સ્ટેબલ વિજયકુમારને દહેગામ પોલીસ સ્ટેશનમાં પ્રોહીના ગુનામાં નાસતા ફરતા બે આરોપી અંગે બાતમી મળી હતી. જેના આધારે આરોપી આકાશ રમેશભાઈ મારવાડી (૧૯ વર્ષ, રહે-ગુર્જર સિનેમાની સામે છાપરા, દહેગામ) પોતાના ઘર પાસે છે. જેના આધારે પોલીસે તેને ઘરની સામે બગીચામાંથી ઝડપી લીધો હતો. જ્યારે નરેન્દ્ર ઉર્ફે નિલેશ બાબુભાઈ ઠાકોર (૨૦ વર્ષ, રહે-ઉગમણાવાસ, દહેગામ)ને નરેરૂ ચોકડીને દબોચી લેવાયો હતો. એસઓજીએ બંને આરોપીઓની અટકાયત કરીને દહેગામ પોલીસને સોંપ્યા છે. તો બીજી તરફ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનના પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા સાત વર્ષથી નાસતા ફરતા આરોપી અંગે એલસીબીને બાતમી મળી હતી. જેના આધારે એલસીબીએ આરોપી પ્રકાર ઉર્ફે પકીયો જલારામ બિશ્નોઈ (રહે-અરણઈ, ઝાલોર, રાજસ્થાન)ને કલોલ છત્રાલ ચાર રસ્તા પાસેથી ઝડપી લીધો હતો. તેની પુછપરછમાં પોતે છેલ્લા ૭ વર્ષથી પ્રોહીબિશનના ગુનામાં ફરાર હોવાની કબુલાત કરતાં પોલીસે આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જુસિકાના કાર્યકરો દ્વારા ચક્ષુદાનની સેવા કરાઈ

ગાંધીનગર, તા.૨૮

અંગદાન એ મહાદાન મનાય છે ત્યારે ચાંદખેડા નિવાસી ૪૯ વર્ષની ઉંમર ધરાવતા સ્વ. દિનેશ શાહનું અવસાન થતા તેમના કુટુંબીજનો દ્વારા સ્વર્ગવાસીની પૂર્વ સંમતિથી ચક્ષુઓનું દાન કરાયું હતું. આ કાર્યમાં જુસિકાના કાર્યકર સંજયસિંહ વાઘેલા, રાજુ વાઘેલા, દિનેશ દવેએ સ્વર્ગવાસીના ચક્ષુઓ લેવાની સેવા પુરી પાડી હતી.

# સિનીયર સિટીઝન્સ કાઉન્સીલની સામાન્ય સભા ૩૧મીએ જ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

તારીખ ૨૮મીમેના ગાંધીનગર સમાચારમાં પાના નંબર ૨ ઉપર આવેલા સમાચાર અંગે સ્પષ્ટતા કરવાની કે સિનીયર સિટીઝન્સ કાઉન્સિલની માસિક તેમજ વાર્ષિક સાધારણ સભા અંગે કોઈ પણ જાતનો ફેરફાર નથી. આ બેઠકો અગાઉની અખબારી યાદીમાં તેમજ સેવાયજ્ઞમાં જણાવ્યા અનુસાર તારીખ ૩૧મી મેના રોજ સાંજે ૫ કલાકે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી ખાતે યોજાશે જેની કાઉન્સીલના સભ્યોએ નોંધ લેવી.

# આર.એન. લલિતકલા ખાતે ૨૬૦ રોલર સ્કેટર્સે નોન-સ્ટોપ સ્કેટીંગ કર્યું



ગાંધીનગરના સેકટર-૨૩ ખાતે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત આર.એન. લલિતકલા એકેડેમીમાં ચાલતા મમતા સ્પોર્ટસ સેન્ટર અને ક્રિષ્ના એકેડેમી દ્વારા તાજેતરમાં નોન-સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર તથા અમદાવાદની શાળાઓના કેજીથી માંડીને ધોરણ-૧૦ સુધીના ૨૬૦ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ રોલર સ્કેટર બાળકોને મેડલ્સ, સર્ટીફીકેટ તથા કિટસ એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લલિતકલા એકેડેમીના સંચાલિકા દિનાબેન ડોડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ખેલાડીઓને નિદર્શન તથા કોચીંગ એવા કોચ વસીમ મન્સુરી દ્વારા પુરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર અમદાવાદના શાળા સ્કેટર્સ ઉપરાંત વાલીઓ-આમંત્રિતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધા દરમિયાન ઉદઘોષણા તથા આભારવિધિ અનિતા વસીતા દ્વારા કરવામાં આવી હતી.

# "અક્ષરજ્ઞાન" વર્ગોના બાળકોએ જાદુનો શૉ માણ્યો





ગાંધીનગરના સેક્ટર-૨૮ સામે 'ચ'રોડ પરની ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોના બાળકોને ભણાવવાનો શ્રમયજ્ઞ "અક્ષરજ્ઞાન" વર્ગો થકી ચાલી રહ્યો છે. અક્ષરજ્ઞાન વર્ગોના બાળકોને જ્ઞાન સાથે મનોરંજન મળી રહે તે હેતુથી કડી કેમ્પસની બી.એડ. કોલેજના પ્રાધ્યાપક ડૉ. સુનિતા લીલાણી દ્વારા બાળકો માટે જાદુગર આર.કે.ના શૉ નું આયોજન કર્યુ હતુ. આ શૉ માં ૧૦૦ જેટલા બાળકોએ જાદુના વિવિધ મનોરંજક છતાં જ્ઞાનવર્ધક પ્રયોગો જોઈ આશ્ચર્ય સાથે આનંદ પ્રાપ્ત કર્યો હતો. કડી કેમ્પસના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલની પ્રેરણાને પગલે આ જાદુના શૉ નું આયોજન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. જોશીપુરા દિશા પ્રણવ, ઉ.વ. ૧૮
- સ્વ. દંતાણી દેવજીભાઈ પશાભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. પરમાર જશીબેન લાલાજી, ઉ.વ. ૭૫
- સ્વ. સુરેશભાઈ મોગીલાલ મારવાડી, ઉ.વ. ૩૦

# કલાક્ષેત્રે દેશ-વિદેશમાં નામ રોશન કરનાર અલ્પના રાઠી

## આંતરડાની સર્જરી થઈ હોવા છતાંય તેમણે તેમની કલાકૃતિનું કામ ચાલુ જ રાખ્યું છે

ગાંધીનગર, તા.૨૮

કલાને પોતાના હાથોથી વિચારો સાથે પ્રસ્તુત કરી વિવિધ કલાકૃતિ બનાવીને દેશ વિદેશમાં ભારતનું નામ રોશન કરીને હાલમાં ગાંધીનગર સ્થિત અલ્પના રાઠી જે હાલમાં જ એક મોટી આંતરડાની સર્જરી બાદ મોતના મુખમાંથી બહાર આવ્યા છે. પરંતુ તેમણે તેમના કલાત્મક વિચારો સાથે તેમની સર્જરીના દિવસો તથા તે બાદના દિવસોમાં પણ પોતાની કલાકૃતિ બનાવવાની ચાલુ જ રાખી છે. તેઓને બળદના રક્ષણ માટે આગળ કામ કરવું છે અને તેમના ઘણા શિલ્પો દેશ વિદેશમાં પ્રસ્તુત થઈ ચુકયા છે.


બાળપણથી જ કલાનો શોખ ધરાવતા અલ્પના રાઠી શાળાની ચિત્ર સ્પર્ધાઓમાં ભાગ લઈ મેડલ લાવતા જ પરંતુ લગ્ન બાદ તેઓ તેમના પતિ સાથે દિલ્હી રહેવા ગયા અને ત્યાં તેમણે ક્રિશ્ચિયન સ્કુલમાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકની નોકરી શરુ કરી એ અરસામાં શાળાના આર્ટ શિક્ષકે કારણોસર શાળામાંથી રીઝાઈન કર્યુ અને અલ્પનાબેનને શાળામાં આર્ટ ટીચરની જવાબદારી મળી ત્યારથી લઈ આજ સુધી તેમણે પોતાના પતિ સાથે દેશ વિદેશની યાત્રા કરી અને તેમની કલાકૃતિને દરેક જગ્યાએ પ્રદર્શિત કરી.

અલ્પના રાઠીએ શાળાના અભ્યાસ બાદ બીએસસી બીએડ કર્યું ત્યારબાદ નેશનલ મ્યુઝિયમમાંથી કલાક્ષેત્રે ડિપ્લોમા સાથે સાથે ગંધર્વ મહાવિદ્યાલયમાંથી બાંસરી વગાડવાની તાલીમ લીધી.



અલ્પના રાઠી દ્વારા વુડન, સ્ટોન, ફાયબર, બ્રોન્ઝ, સિમેન્ટ, એલ્યુમિનિયમના શિલ્પ તથા કેન્વાસ ઓઈલ પેઈન્ટીંગ અને એક્રેલિક પેઈન્ટીંગ બનાવાય છે. જેમાં પક્ષીઓ, પ્રાણીઓ, જળચર પ્રાણીઓ, માતા અને બાળક, યોગા, બુધ્ધા વગેરેના શિલ્પો બનાવી તેમના દ્વારા દેશ વિદેશમાં પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

અમદાવાદ કનોરિયા આર્ટ સેન્ટરમાંથી તેમણે સ્ટુડિયો આર્ટીસ્ટ ડિપ્લોમાં કર્યું છે. હાલમાં જ અદાણી શાંતિ ગ્રામની રાષ્ટ્રીય મૂર્તિ કલા શિબિરમાં તેમની મૂર્તિ મુકાઈ હતી. તેમણે વર્ષ ૨૦૧૮માં એશિયા પેસિફિકમાં પણ તેમની કલા પ્રતિભા દર્શાવી હતી. તેમણે લલિતકલા અકાદમી અને આર્ટ એન્ડ ક્રાફટ નેશનલ મ્યુઝિયમ દિલ્હી અને જમ્મુથી લઈને ગાંધીનગરમાં પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની કલાકૃતિનું પ્રદર્શન કર્યુ છે. તેમની સર્જરી પહેલા તેમણે કનોરિયા આર્ટ સેન્ટરના આર્ટીસ્ટને અપાતા સ્ટુડિયોમાં યોગાનું કામ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે તેઓ વુડન, સ્ટોન, ફાયબર, બ્રોન્ઝ, સિમેન્ટ, એલ્યુમિનિયમ, કેન્વાસ ઓઈલ પેઈન્ટીંગ, એક્રેલીક પેઈન્ટીંગ બનાવે છે અને તેને પ્રદર્શનમાં મુકે છે. તેમના દ્વારા ઈન્ડો સ્પેન ફાઉન્ડેશનમાં યોગાની કલાકૃતિ ભેટ અપાઈ છે. જે આજે મોડ્રેડના કલેકશનમાં સંગ્રહિત થઈ છે. રામાનુજ એ શૂન્યનું સર્જન કર્યું તેની યાદીમાં તેમણે હોંગકોંગમાં ઝીરોનું શિલ્પ મોકલ્યું છે. વર્ષ ૨૦૧૬માં રશિયાના સાયબિરીયામાં તેમણે બુધ્ધાનું શિલ્પ પ્રદર્શિત કર્યું હતું અને વર્ષ ૨૦૧૮માં તેઓએ ઉઝબેકીસ્તાનમાં પણ તેમની કલાકૃતિ પ્રદર્શિત કરી હતી.







અલ્પના રાઠી કહે છે કે તેમણે હવે બળદ સાથે થતા અન્યાય માટે કામ કરવુ છે. જયારે ગાયને સારી રીતે રખાય છે તો બળદને કેમ નહીં? જેમ આપણે બાળક અને બાળકીમાં ભેદ કરીએ છીએ તેમ બળદ અને ગાયમાં થઈ રહ્યો છે. ગાયને સચવાય છે અને બળદને નહીં તો પહેલા જયારે ખેતી થતી ત્યારે તે બળદ જ કામમાં આવતા તો હવે બળદને મહત્વ કેમ નહીં? સ્પેનમાં અપાતા બળદના મહત્વથી જ તેમને પ્રેરણા મળી છે. તેમની ઈચ્છા ટ્રાવેલ શૉ કરવાની છે. અને તેઓ તેમાં બળદને જ વધુ બતાવી આવતી પેઢીને તેનું મહત્વ સમજાવવા માંગે છે. તેમના આંતરડાના ઓપરેશનમાં ઘણી મુશ્કેલીઓ સર્જાઈ છે છતાં તેમણે હાર નથી માની અને હોસ્પિટલના ફ્રી સમયમાં તથા ઘરે આવીને પણ તેમણે કેન્વાસ પેઈન્ટીંગ અને પેન્સિલ આર્ટ કરવાનું ચાલુ જ રાખ્યું છે.